# પેથાપુર નજીક ફતેપુરા ડમ્પિંગમાં આગ લાગી

## પાંચ કલાક અને ૨૫ હજાર લીટર પાણીનો મારો ચલાવી આગ પર ફાયર ટીમે કાબુ મેળવ્યો

ગાંધીનગર, તા.૨૪

મંગળવારની મોડી રાત્રે ગાંધીનગર નજીક આવેલા પેથાપુર પાસે ફતેપુરા ડમ્પિંગ સાઈટ પર અચાનક આગ લાગી હતી. કચરાના ઢગલામાં લાગેલી આગની જવાળાઓ દુરદુર સુધી દેખાતી હતી. આગમાં અન્ય વન્યરાજીને નુકશાન ન થાય તેની પણ ખાસ તકેદારી લેવાઈ હતી. બનાવની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલીક ૨૫ હજાર લીટર પાણીનો મારો ચલાવી ફાયર જવાનોએ આગ પર કાબુ મેળવી લીધો હતો.





મળતી માહિતી મુજબ પેથાપુર નગર પાલિકાના કચરાનો નિકાલ ફતેપુરા પાસે ઉભી કરાયેલી ડમ્પિંગ સાઈટ પર કરવામાં આવતો હતો. જેથી ફતેપુરા ડમ્પિંગ સાઈટ પર વર્ષો જુનો કચરાનો ઢગલો ખડકાયેલો હતો. ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં પેથાપુર નગરપાલિકા આવી જતા ફતેપુરા ડમ્પિંગ સાઈટ બંધ કરી દેવાઈ હતી. પરંતુ ગતરોજ રાત્રીના સુમારે આ કચરાના ઢગલામાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગ એટલી વિકરાળ હતી કે તેની જવાળાઓ દુર દુર સુધી દેખાતી હતી. આગને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. આગ વધુ પ્રસરે નહી તે માટે ખાસ તકેદારી લેવાઈ રહી હતી. બનાવની જાણ ફાયર વિભાગને થતા ફાયર ઓફિસર મહેશ મોડ તાત્કાલીક ફાયર જવાનોની ટીમ સાથે પહોંચી ગયા હતા. ફાયર ટીમે પાંચ કલાક ભારે જહેમત બાદ ૨૫ હજાર લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. ત્યારબાદ ફાયર ટીમ રવાના થઈ ગઈ હતી. જયારે કચરાના કારણે આગ ફરીવાર લાગી હતી. જેથી ફાયર ટીમના જવાનો ફરીવાર દોડીને આવી પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ બુઝાવી દીધી હતી. જયારે આગમાં પ્રકૃતિને નુકશાન ના થાય તેનું ખાસ ધ્યાન ફાયર ટીમ દ્વારા રાખવામાં આવ્યું હતું.

### ખૂણેખાંચરેથી

- જાણીતા ધારાશાસ્ત્રી અશોકભાઈ પટેલે અયોધ્યામાં રામ મંદિરનું કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી 'ચા' નહિ પીવાની પ્રતિજ્ઞા લીધી છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી કોરોનામાં રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા એક સરખી છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ ડભોડા ખાતે રાજયસભાના સાંસદ જગમલજી ઠાકોરની જાહેર સભા યોજવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝન દરમ્યાન બટાટા અને ઘઉંનું વિક્રમી ઉત્પાદન થશે તેવા અંદાજો કૃષિતંત્રએ માંડ્યા છે.
- ગાંધીનગર શહેરમાં અન્ડરપાસના કામ ઘ અને ગ માર્ગ પર ચાલતા હોવાથી 'ચ' રોડ અને 'ખ' રોડ પર ટ્રાફિકનું ભારણ વધી ગયુ છે.
- સે. ૨૨ માં ડિવાઈડર સાથે માર્ગ પહોળો કરવાના ચાલી રહેલા કામને કારણે પંચદેવ મંદિરથી ૨૯ તરફ જતા માર્ગ પર સ્ટ્રીટલાઈટો બંધ થતાં રહીશોને પણ પસાર થતા વાહનોને કારણે ઘણા બધા પ્રશ્નો ઉભા થયા છે.
- સે. ૨૨ માં ઉદ્યાનના નવીનીકરણના ચાલી રહેલા ખોદકામને કારણે એક નાનુ ગલુડિયુ ખાડામાં પડી જતાં ફાયરબ્રિગેડે તેને જીવતુ બહાર કાઢ્યુ હતુ.

### હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




લોકોએ તો આપણને સરળતાથી ચૂંટી કાઢ્યા હવે, આપણાંમાંથી એકને ચૂંટવો એ બહુ અઘરું કામ આવ્યું...!!

## મેયરને ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચનો હિસાબ આપવા પિન્કીબેન પટેલે પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાના કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે આજે વધુ એક પત્ર કમિશનરને લખી મેયરને છેલ્લા ત્રણ વર્ષમાં મેયરને ફાળવેલ ગ્રાન્ટનો હિસાબ માંગ્યો છે.

શ્રીમતિ પટેલે વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના વર્ષ દરમ્યાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ કયાં કયાં વાપરવામાં આવી છે તેની વિગતો માંગી છે. તેમણે તેમના પત્રમાં જણાવ્યુ છે કે ગત જાન્યુારી માસમાં પણ આપને પત્ર લખી અમે માંગણી કરી હતી પરંતુ આપના તરફથી પ્રત્યુત્તર ન મળતાં પુનઃ પત્ર લખવો પડ્યો છે.

શ્રીમતિ પટેલે આ પત્રમાં જણાવ્યુ છે કે ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે હિસાબ માગવો અમારો બંધારણીય અધિકાર બને છે. આપ પત્રનો પ્રત્યુત્તર આપતા નથી એ દુઃખદ છે. આપની સામે અમે બે પી.આઈ.એલ. અરજીઓ કરી છે અને ત્રીજી અરજી ના કરવી પડે તેવી વિનંતી પણ આ પત્રમાં તેમણે કરી છે. શ્રીમતિ પટેલ દ્વારા જે પત્ર યુદ્ધ છેડવામાં આવ્યુ છે તેનાથી પાટનગરના રાજકીય વર્તુળોમાં પણ તંત્રને લઈ અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ છે. તંત્રના ઉદાસીન વલણ અંગે પણ લોકોમાં ચર્ચાઓ શરૂ થઈ છે.



ગાંધીનગરમાં વૃક્ષોનું પ્રમાણ ઘણુ વધારે છે. વળી ઈન્દ્રોડા નેચર પાર્ક જેવો જંગલ વિસ્તાર પણ સાવ નજીક છે. જેના કારણે અવારનવાર શહેરી વિસ્તારમાં વાનરોના ટોળાં ઉમટી આવે છે. ખોરાકની શોધમાં શહેરી વિસ્તારમાં આવી ચઢતા વાનરોના ટોળાને રીક્ષાચાલક નિયમિત રીતે સીંગદાણા ખવડાવે છે. રોડ પર કતારબંધ બેસીને સિંગદાણા ખાતા આ વાનરોએ જાણે પંગત જમાવી હોય તેવુ લાગે છે.

## વાસંજડા ગામે હુડકોના મકાનમાંથી ૫૫૯૬ બોટલ દારૂ ઝડપાયો

### એલસીબી-૨ પોલીસે રૂ.૪૩,૪૬,૧૪૯ નો દારૂ પકડી પાડ્યો, દારૂ રાખનાર શખ્સ ફરાર, સાંતેજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી વધુ તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા.૨૪

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો પ્રચાર જોરશોરથી થઈ રહ્યો છે. જિલ્લામાં ચુંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે. ચુંટણીઓમાં દારૂની રેલમછેલ ના થાય તે દિશામાં પોલીસ પ્રયત્નશીલ છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના વાસંજડા (ઢ) ગામે થી લાખો રૂપીયાનો વિદેશી દારૂ એલસીબી-૨ એ ઝડપી પાડ્યો છે. ગામમાં આવેલા હુડકોના મકાનમાં પોલીસે રેઈડ પાડીને દેશી વિદેશી બનાવટની દારુની કુલ રૂ.૫૫૯૬ બોટલ પકડી પાડી છે. પોલીસે દારૂનો જથ્થો રાખનાર શખ્સ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો સાંતેજ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી તે સમયે હેડ કોન્સ્ટેબલ જોગીન્દરસિંહ અને કોન્સ્ટેબલ સુરેશજીને સંયુકત રીતે દારૂ અંગે બાતમી મળી હતી કે વાસંજડા (ઢ) ગામમાં આવેલા હુડકોના મકાનમાં બાબુજી લક્ષ્મણજી ઠાકોર પોતાના કબ્જામાં રહેલા મકાનમાં અન્ય વ્યકિતઓની મદદથી દારૂનો જથ્થો રાખી વેચાણનું કામ કરે છે.જેથી સ્થળ પર જઈ પોલીસે તપાસ કરતા મકાનને તાળુ મારેલુ હતું. જેથી પોલીસે બારીમાંથી જોતા દારૂની પેટીઓ જોવા મળી હતી. જેથી પોલીસે લોક તોડી અંદર મકાનમાં તપાસ કરતા બે રૂમમાં વિદેશી દારૂ, બિયર અને દારૂના પાઉચ ભરેલી ૨૬૬ પેટીઓ છુટી બોટલો મળી આવી હતી. પોલીસને ૨૧ વિવિધ પ્રકારનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.જો કે સ્થળ પરથી આરોપી બાબુજી ઠાકોર મળી આવ્યો ન હતો. જેથી એલસીબી-૨ પોલીસે રૂ.૪૩,૪૬,૧૪૯ નો દારૂનો જથ્થો પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિલોડા વિસ્તારમાં બટાટા કાઢવાની કામગીરીમાં ખેડૂત વ્યસ્ત

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તાર ગણાતો ચિલોડા, ડભોડા, મગોડી, ઈસનપુર મોટા, શિવપુરા કંપા, મગોડીલાટ, નાંદોલ વગેરે ગ્રામ્ય વિસ્તારમા ચાલુ સાલે શાકભાજીનો રાજા ગણાતા બટાટાનુ વાવેતર સારા પ્રમાણમાં કરવામાં આવ્યુ છે. મોંઘુદાટ બિયારણ ખાતર, પાણી અને જંતુનાશક દવાનો ઉપયોગ દ્વારા વાવેતરમાં ખેડૂતોએ ભારે ઉત્સાહ દર્શાવ્યો છે. ત્યારે હાલમાં ચિલોડા વિસ્તારની આસપાસના વિસ્તારોમાં બટાકા કાઢવાની કામગીરીમાં ખેડૂતો મશગુલ બન્યા છે. બટાકા કાઢવાની કામગીરી પૂર્વ ૯૦ દિવસ બાદ પિયત આપવાનુ બંધ કરતાં બટાકાનું પલુર સુકાયા બાદ ૧૫ દિવસમાં બટાકા કાઢવાની કામગીરી કરવામાં આવી રહી છે. પરિણામે અમુક ખેતરોમાં પલુર સુકાતા હરિયાળાં ખેડૂતો હવે ઉજ્જડ બન્યા હોય તેવા ભાસી રહ્યા છે. આમ બટાકાનું ઉત્પાદન સારા





પ્રમાણમાં થશે તેવુ ખેડૂતો માની રહ્યા છે. તેમ છતાં બટાકાની ખેતી ખર્ચાળ બનતાં ઉપજમાં ઘટાડો થતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તેવી ઈચ્છા ધરાવે છે. આમ બટાકા કાઢવાની કામગીરીમાં વ્યસ્ત ખેડૂતોની સાથે કોલ્ડ સ્ટોરેજની સુવિધા ઉપયોગી બની રહી છે. આમ ચાલુ સાલે છેલ્લા એક માસથી ગરમી અને ઠંડીનું મિશ્ર વાતાવરણથી મોલો-મશીનો ઉપદ્રવથી ચિલોડા પંથકમાં ભીંડા શાકભાજીમાં રોગ-જીવાતથી ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. પરિણામે આંતરા દિવસે જીવાતનાશક દવાનો છંટકાવ કરવા મજબુર બન્યા છે. ઘઉંના પાકમાં જીવાત ઉપદ્રવથી ચુસિયાનો રોગથી ઉત્પાદન પર અસર થશે તેવુ ખેડૂતો માની રહ્યા છે. આમ એક સાંધતા તેર તૂટે તેવી સ્થિતિ સર્જાતા ખેડૂતોની હાલત કફોડી બની છે.

## વ્યાજખોરોના ટેન્શનમાં યુવક ઓલઆઉટ પી ગયો

ગાંધીનગર,તા.૨૪

રુપિયાની ઘણી વખત એવા સમયે જરુર પડી જતી હોય છે કે ત્યારે બેંક કે વ્યાજે નાણા આપતી સંસ્થાઓ તરફથી રુપિયા ના મળતા વ્યક્તિ વ્યાજખોરોનો સહારો લેવો પડતો હોય છે. આવી જ રીતે પોતાની માતાની સારવાર માટે ૪.૫૦ લાખ વ્યાજે લેનારા શખ્સની હાલત કફોડી થઈ પડી છે. યુવકે માતાની સારવાર માટે લીધેલા રુપિયા લોકડાઉન દરમિયાન ચુકવવા મુશ્કેલ બની જતા વ્યાજખોરોએ તેની પાસે રુપિયા પોણા ત્રણ કરોડની માગણી કરી હતી. આ યુવકને વ્યાજના ચક્કરમાંથી બહાર આવવાનું મુશ્કેલ લાગતા આખરે તેણે ઓલઆઉટ ગટગટાવ્યું હતું. ૨૫ વર્ષના રવિ ચીનુભાઈ પટેલને તાત્કાલિક અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. સારવાર બાદ યુવકે ત્રણ વ્યાજખોરો સામે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રવિની ફરિયાદ પ્રમાણે તે ભાટ ગામમાં માતા-પિતા અને પત્ની સાથે રહે છે. તે સ્કૂલના બાળકોને લેવા મુકવાનું કામ કરે છે. ભાટ ગામની સીમમાં તેના બાપ-દાદાની જમીન છે જેમાં તે ખેતી કરે છે. માતાને ફેફસાની બીમારી થતા તેણે ૨૪ જુલાઈ ૨૦૧૯માં અમીયાપુરમાં રહેતા પરિચિત સતીષ મસરુભાઈ ભરવાડને વાત કરી હતી. સતીષભાઈએ ચાંદખેડામાં ભરત ભુરાભાઈ ભરવાડ પાસેથી ૧૦% વ્યાજે ૪.૫૦ લાખ રુપિયા અપાવ્યા હતા. ભરત ભરવાડે ગાંધીનગર કોર્ટની બહાર જમીન મુદ્દે નોટરી કરાવી હતી. આ પછી રવિએ સતીષ ભરવાડ પાસેથી ૧૦% વ્યાજે ૧૧ લાખ લીધા હતા. આ પછી ઝુંડાલ સર્કલ પર બેસતા રાજુભાઈ રબારી પાસેથી ૩ લાખ ૧૦% વ્યાજ પર લીધા હતા. આવામાં લોકડાઉન આવી જતા યુવકની મુશ્કેલી વધી ગઈ. જેની સામે રાજુભાઈ રબારીએ રુપિયા ૨૫ લાખની માગણી કરી અને ભરત ભરવાડે યુવકની જમીન મુદ્દે કોર્ટમાં દાવો કર્યો છે. રુપિયાનું વ્યાજ ચડતું જતું હતું અને વારસામાં મળેલી જમીન પણ જતી દેખાતા પરિવારના સભ્યો સમાધાન માટે મળવા માટે પહોંચ્યા હતા. જોકે, નાણા ચૂકવવાનું કઠીન લાગતા અને બીજો કોઈ રસ્તો ના દેખાતા રવિએ ઘરમાં ઓલઆઉટ ગટગટાવ્યું હતું. આ ઘટના બાદ રુમમાં બંધ થઈ ગયેલા યુવકને દરવાજો તોડીને બહાર કાઢ્યો તો તે અર્ધ બેભાન હાલતમાં મળી આવ્યો હતો.



ગાંધીનગરમાં સેક્ટર-૩ ન્યુ ખાતે વડીલો માટે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં વડીલોને મરતોલી, ઐઠોર, ઉંઝા, મહેસાણા, મોઢેરા સૂર્યમંદિર, બહુચરાજી મંદિર, અડાલજ દાદા ભગવાન ત્રિમંદિર વગેરે સ્થળોને આવરી લેવામાં આવ્યા હતા. પ્રવાસમાં ૪૯ વડીલો જોડાયા હતા. પ્રવાસ માટે યોગગુરુ રમેશચંદ્ર પંડ્યા અને સે.૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાએ જહેમત ઉઠાવી હતી.

## હેરિટેજ અમદાવાદ સ્પોર્ટ્સ સિટી તરીકે ઓળખાશે : શાહ

અમદાવાદ,તા.૨૪

દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ઉદ્દઘાટન અમદાવાદમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ એલાન કર્યું કે આ સ્ટેડિયમનનું નામ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ હશે. નોંધનીય છે કે આ સ્ટેડિયમ પર બુધવારથી ભારત અને ઈંગ્લેન્ડની વચ્ચે પિંક બોલ ડે-નાઈટ ટેસ્ટ રમાવા જઈ રહી છે. ગૃહ મંત્રી અમિત શાહે એલાન કર્યું કે અમે અહીં એવા પ્રકારની સુવિધા કરી દીધી છે કે ૬ મહિનામાં ઓલમ્પિક, એશિયાડ અને કોમનવેલ્થ જેવી ઈવેન્ટ્સનું આયોજન થઈ શકે છે. હે હેરિટેજ શહેર અમદાવાદને હવે સ્પોર્ટ્સ સિટીના નામથી ઓળખવામાં આવશે. અમિત શાહે જાહેરાત કરી કે સ્ટેડિયમની પાસે જે સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બની રહ્યું છે તેને સમગ્ર વિસ્તારમાં ૨૦ સ્ટેડિયમ તૈયાર કરવામાં આવશે જેમાં અલગ-અલગ સ્પોર્ટ્સ માટે વ્યવસ્થા હશે. અમિત શાહે કહ્યું કે, નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જેનું સપનું જોયું હતું તે હવે પુરું થયું છે. નવા સ્ટેડિયમને દુનિયાના સૌથી મોટા અને સૌથી હાઈટેક સ્ટેડિયમ તરીકે વિકસિત કરવામાં આવ્યું છે.

## અમદાવાદ શહેર વિશ્વ સ્તરીય ખેલકૂદ સુવિધાઓ સાથે 'સ્પોર્ટ્સ સિટી' તરીકે વિશ્વ ખ્યાતિ પામશે

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદના મોટેરા ક્રિકેટ સ્ટેડિયમનું 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' નામાભિધાન કરવા માટે કેન્દ્ર સરકાર અને ગૃહમંત્રી અમિતભાઈ શાહ તથા જી.સી.એનો ગુજરાતની જનતા જનાર્દન વતી આભાર વ્યક્ત કરી આનંદ અને હર્ષની લાગણી વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીએ મોટેરા ખાતે ૨૩૩ એકરમાં નિર્માણ થનારા વિશ્વકક્ષાના સ્પોર્ટ્સ એક્લેવને પણ સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ તરીકેની ઓળખ આપવાની કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહની જાહેરાત માટે આભાર દર્શાવ્યો છે.

રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા અમદાવાદમાં ઉદઘાટન થયેલા વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નામ સાથે જોડવાની આ ઘટનાને તેમણે સમગ્ર ગુજરાત અને ગુજરાતીઓ માટે ગૌરવપૂર્ણ ઘટના વર્ણવી છે.

ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન જી.સી.એના અધ્યક્ષ તરીકે નરેન્દ્રભાઈ મોદીનું અમદાવાદ અને ગુજરાતને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શ્રેષ્ઠ સ્ટેડિયમ અને સ્પોર્ટ્સ સંકુલ આપવાનું સપનું સાકાર થયું છે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ નિર્માણ થવાથી વિશ્વ સ્તરીય ખેલકૂદ પ્રશિક્ષણ સાથે કોમનવેલ્થ, એશિયાડ અને ઓલિમ્પિક જેવી ગેઈમ્સ માટે પણ અમદાવાદ સ્પોર્ટ્સ સિટી તરીકે દેશ-દુનિયામાં અવશ્ય ખ્યાતિ પ્રાપ્ત કરશે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું છે કે રાષ્ટ્રપતિશ્રીના હસ્તે જેનું ભૂમિપૂજન થયું છે તેવું આ સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ ગુજરાતને ખેલકૂદ ક્ષેત્રે શ્રેષ્ઠ બનાવવાની પ્રધાનમંત્રીની સંકલ્પના સાકાર કરશે.

## શહેરોમાં સૂપડાં સાફ બાદ કોંગ્રેસને ગામડામાં હારનો ડર

### આપ-ઓવેસીની જગ્યાએ કોંગ્રેસનો ખેલ બગાડ્યો છ ૨૦૧૫માં ૬ મહાનગરપાલિકાઓમાં મળીને ૧૭૫ બેઠકો જીતનારી કોંગ્રેસ આ વખતે ૫૫માં ઘરભેગી થઈ ગઈ

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર રાજયની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૬ મહાનગર પાલિકામાં સુપડા સાફ થઈ ગયા બાદ હવે કોંગ્રેસને ડર સતાવી રહ્યો છે કે ચૂંટણીના આગામી રાઉન્ડમાં પંચાયત અને નગરપાલિકામાં આ પરિણામની અસર દેખાશે અને ૨૮મી ફેબ્રુઆરીએ થનારા આ મતદાનમાં પણ કોંગ્રેસને ઝટકો પડી શકે છે. કોંગ્રેસ આમ પણ આ ૬ મહાનગરપાલિકામાં વિરોધ પક્ષમાં જ હતી જોકે આ વખતે તો રાજ્યમાં કોંગ્રેસનો એવો રકાસ નીકળ્યો છે કે વિરોધ પક્ષના નેતાની પોસ્ટ મેળવવા માટે પણ ક્વોલિફાય નથી થતી. ૨૦૧૫માં આવેલી ત્રણ આંકડાની ૧૭૫ બેઠકોમાંથી આ વખતે પાર્ટી બે આંકડાની ૫૫ બેઠકો પર સજ સમેટાઈ ગઈ છે. આ ચૂંટણીમાં કોંગ્રેસને ૧૨૦ બેઠકોનું નુકસાન થયું છે. જ્યારે તે પૈકી આમ આમદી પાર્ટીએ પોતાના ફાળે ૨૭ બેઠકો ભેગી કરી છે તો ઓવેસીની એઆઈએમ આઈએમ દ્વારા મુસ્લિમ બહુલ વિસ્તારોમાં સારું પ્રદર્શન કરતા ૭ બેઠકો પર કબ્જો જમાવ્યો છે. જ્યારે બાકીની બેઠકો ભાજપ લઈ ગયું છે. કોંગ્રેસને પહેલાથી જ એ વાતનો ભય હતો કે જો મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામ પહેલા જાહેર કરી દેવામાં આવશે તો ૨૮મી તારીખે યોજાનાર ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગરપાલિકાઓની ચૂંટણી પર તેની અસર જોવા મળશે. જેના કારણે તેણે ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી લડત લડી હતી કે મહાનગરપાલિકાનું પરિણામ પણ જિલ્લા અને તાલુકા પંચાયત અને નગરપાલિકા ચૂંટણીના પરિણામ સાથે જ જાહેર કરવામાં આવે જોકે કોંગ્રેસના બદનસીબ કે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ બંને તરફથી કોંગ્રેસની આ અરજીને નિષ્ફળતા જ સાંપડી હતી. મહત્વનું છે કે ૨૦૧૫માં પંચાયતોમાં ભાજપ કરતા કોંગ્રેસે ઘણું સારું પ્રદર્શન કર્યું હતું. હા તે સમયે પણ મહાનગરપાલિકાઓ ભાજપના જ ફાળે રહી હતી પરંતુ અહીં જીત ખૂબ જ પાતળી સરસાઈથી મળી હતી. જ્યારે આ વખતે ૬ મનપામાં બંપર જીત સાથે ભાજપે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ગુજરાતના શહેરી મતદારો તેની સાથે જ છે. ગુજરાત વિધાનસભાની કુલ ૪૪ બેઠકો આ શહેરી વિસ્તારોમાં આવેલી છે. વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને પાટીદાર અનામત આંદોલનના કારણે નુકસાન ભોગવવું પડ્યું હતું. તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોંગ્રેસને ફાયદો થયો હતો. જોકે તે પછી પણ શહેરી વિસ્તારમાં ભાજપની સ્થિતિને કોઈ ફરક પડતો નથી.